# ભરૂચનગરપાલિકા,ભરૂચ.
## સિવિલ હોસ્પિટલ પાસે,સ્ટેશન રોડ,ભરૂચ
## સુધારા જાહેરાત

ભરૂચ નગરપાલિકાના ફાયર વિભાગના કર્મચારીઓની ભરતી માટેનું મહેકમ,ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,સચિવાલય ગાંધીનગરના ઠરાવ ક્રમાક:અગન-૨૦૧૮-૭૦-વ પાર્ટ તા.૨૭-૦૯-૨૦૧૯ થી મંજુર થયેલ છે.નીચે જણાવ્યા મુજબની ફાયરની ખાલી જગ્યાઓની ભરતી માટે નિયત શૈક્ષણિક લાયકાત,અનુભવ તથા નિયત વય મર્યાદા ધરાવતા ઉમેદવારો ઉમેદવારી કરી શકશે,અરજી પત્રક તથા જગ્યાની વિગતો અને શરતો નગરપાલિકાના સિવિક સેન્ટર/ નગરપાલિકા મહેકમ શાખામાંથી ઓફિસ સમય દરમ્યાન મળી શકશે અથવા ભરૂચનગરપાલિકાની વેબસાઈટ www.bharuchnagarpalika.comપરથી અરજી ફોર્મ ડાઉનલોડ કરી શકાશે.નિયત અરજી ફોર્મ ભરીતા.૦૮-૦૯-૨૦૨૪ સુધીમાં રજુ કરવા અંગે તા.૦૯-૦૮-૨૦૨૪ ના રોજ જાહેરાત પ્રસિધ્ધ થયેલ છે.જેમાં સુધારો કરી સદર અરજી ફોર્મ તા.૩૦-૦૮-૨૦૨૪ સુધીમાં RPAD/સ્પીડ પોસ્ટથી નગરપાલિકા કચેરીને મળે તે રીતે મોકલવાનું રહેશે.

| ક્રમ | સંવર્ગવાર જગ્યાનું નામ | રોસ્ટર મુજબ ભરવાપાત્ર જગ્યા | સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ડિવિઝનલ ફાયર ઓફિસર (વર્ગ-૨) | બિન અનામત પુરુષ | ૧ |
| ૨ | ફાયરમેન કમ ડ્રાઈવર(વર્ગ-૩) | સા.શૈ.પ વર્ગ પુરુષ | ૧ |
| ૩ | ફાયરમેન કમ ડ્રાઈવર (વર્ગ-૩) | બિન અનામત મહિલા | ૨ |

(હરીશ જે.અગ્રવાલ)
મુખ્ય અધિકારી
ભરૂચ નગરપાલિકા
ભરૂચ

(પુજાબેન રાઠોડ )
ચેરમેન
મહેકમ કમિટી
ભરૂચ નગરપાલિકા
ભરૂચ

(હેમેન્દ્રભાઈ પ્રજાપતિ)
ચેરમેન
કારોબારી કમિટી
ભરૂચ નગરપાલિકા
ભરૂચ

(વિભુતીબા યાદવ)
પ્રમુખ
ભરૂચ નગરપાલિકા
ભરૂચ

મહેકમશાખા
ભરૂચ નગરપાલિકા,ભરૂચ
તા.૧૩-૦૮-૨૦૨૪

# <u>ભરૂચ નગરપાલિકા,તા.જી.ભરૂચ</u>

## <u>જાહેરાત</u>

ભરૂચ નગરપાલિકામાં અગ્નિશમન સેવાના કર્મચારીઓની ભરતી માટે ગુજરાત સરકાર, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક ૨૦૧૮-૭૦-વ પાર્ટ, તા.૨૭/૦૯/૨૦૧૯ થી મંજુર થયેલ જગ્યાઓ માટે લાયકાત ધરાવતા ઉમેદવારોએ જાહેરાત પ્રસિદ્ધ થયેથી તા.૩૦-૦૮-૨૦૨૪ સુધી અરજી કરવાની રહેશે. ઉમેદવારો માટેની શૈક્ષણિક લાયકાત અને શારીરિક યોગ્યતાના ધોરણો આ સાથે સામેલ છે. જે મુજબની યોગ્યતા ધરાવતા ઉમેદવારોએ અરજી કરવાની રહેશે. વધુ વિગત માટે નગરપાલિકા કચેરીની મહેકમ શાખામાં સંપર્ક કરવાનો રહેશે.

| અ. નં | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા | વર્ગ | શૈક્ષણિક લાયકાત, ટેકનિકલ લાયકાત, અનુભવ તથા વયમર્યાદા | કેટેગરી મુજબ ભરવાની થતી જગ્યાઓ | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | બિન અનામત | | આ.ન.વ. | | સા.શૈ.પ.વ. | | અનુ. જાતિ. | | અનુ. જનજાતિ. | | કુલ |
| | | | | | પુ | સ્ત્રી | પુ | સ્ત્રી | પુ | સ્ત્રી | પુ | સ્ત્રી | પુ | સ્ત્રી | |
| ૧ | વિભાગીય ફાયર અધિકારી | ૧ | ૨ | <u>(૧) શૈક્ષણિક લાયકાત :-</u><br>(I) માન્ય યુનિવર્સીટીના સ્નાતક<br>(II) સીસીસી પરીક્ષા પાસ<br><u>(૨) ટેકનિકલ લાયકાત:</u><br>(I) નેશનલ ફાયર સર્વિસ કોલેજ, નાગપુરનો ડિવિઝનલ ફાયર ઓફિસરનો કોર્ષ પાસ<br>(II) હેવી મોટર વ્હીકલ ચલાવવાનું વેલીડ લાઇસન્સ ધરાવતા હોવા જોઈએ.<br><u>(3) અનુભવ:</u><br>ફાયર સેવાઓમાં ફાયર ઓફિસર/સ્ટેશન ઓફિસર/સબ-ઓફિસર અથવા સમકક્ષ જગા ઉપર સળંગ નોકરીનો ચાર વર્ષનો અનુભવ ધરાવતા હોવા જોઈએ.<br>(૪) <u>વયમર્યાદા:</u> ૪૫ વર્ષથી વધુ નહીં | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ |

# જાહેરાત અંગેની સુચનાઓ

૧. ઉપરોક્ત જગ્યાઓ માટેની અરજી જાહેરાત પ્રસિધ્ધ થયેથી તા.૩૦-૦૮-૨૦૨૪ સુધીમાં ચીફ ઓફિસરશ્રી, ભરૂચ નગરપાલિકા, તા.જી.ભરૂચ ખાતે ફક્ત રજીસ્ટર પોસ્ટ અથવા સ્પીડ પોસ્ટથી મોકલી આપવાની રહશે.

૨. અરજદારે અરજી સાથે તાજેતરમાં પડાવેલ પાસપોર્ટ સાઇઝ ફોટા નંગ-૦૨, શાળા છોડ્યાનું પ્રમાણપત્ર,શૈક્ષણિક લાયકાતથી સ્વપ્રમાણિત નકલ રજુ કરવાની રહેશે. અનામત વર્ગના ઉમેદવારે જાતિ અંગેનું સક્ષમ અધિકારીશ્રી નું પ્રમાણપત્ર રજુ કરવાનું રહશે.

૩. ઉપરોક્ત તમામ જગ્યાઓ માટે અરજી સાથે બિનઅનામત વર્ગના અરજદારે રૂ.૫૦૦/- નો ડિમાન્ડ ડ્રાફ્ટ, ચીફ ઓફિસરશ્રી,ભરૂચ નગરપાલિકાના નામથી મોકલવાની રહેશે. અનુસૂચિત જાતિ, અનુસુચિત જન જાતિ તથા શૈક્ષણિક પછાતવર્ગના તથા આર્થિક નબળા વર્ગના ઉમેદવારે પણ કોઈ ફી ભરવાની રહેશે નહીં.

૪. અનામત જાતિના ઉમેદવારે તેની જાતિ અંગેનું (અનુ.જાતિ,અનુ.જન જાતિ,સા.શૈ.પ. તથા આર્થિક રીતે નબળા વર્ગ(EWS/બિ.અ.વ) અંગેનું ગુજરાત સરકારશ્રી દ્વારા નક્કી કરાયેલ નમુના મુજબનું સરકારશ્રીના સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.તેમજ સા.શૈ.પ.વર્ગના ઉમેદવારોએ રાજય સરકારની નોકરી માટે કઢાવેલ નોન-ક્રીમીલેયર સર્ટિફીકેટ તા.૦૧-૦૩-૨૦૨૨ થી ૩૧-૦૩-૨૦૨૫ દરમિયાન મેળવેલ હોય તેવું પ્રમાણપત્ર ધરાવતા ઉમેદવારોને કેટેગરીની અનામત જગ્યાનો લાભ મળશે.

૫. અરજી કવર ઉપર જે જગ્યા માટે અરજી કરેલ હોય તે જગ્યાનુ નામ સ્પષ્ટ દર્શાવવાનું રહેશે.

૬. વય મર્યાદા સરકારશ્રીના નિતિ નિયમ મુજબની રહેશે. તેમજ અનામત વર્ગના ઉમેદવારોને સરકારશ્રી ના નિયમ મુજબ ઉમરમાં છૂટછાટ મળવા પાત્ર થશે. અરજી સ્વીકારવાની છેલ્લી તારીખે નિયત શૈક્ષણિક લાયકાત, જરૂરી વયમર્યાદા તથા નિયત અનુભવ ધરાવતા હોવા જોઈએ.

૭. દરેક જગ્યા માટે ઉમેદવારે અલગ અરજી કરવાની રહેશે.

૮. એક જ અરજીપત્રકમાં એક કરતાં વધુ જગ્યા માટે અરજી કરેલ હશે તો અરજીપત્રક રદ ગણવામાં આવશે.

૯. અરજીપત્રક નગરપાલિકાની મહેકમ શાખામાંથી રૂબરૂમાં/ભરૂચ નગરપાલિકાની વેબસાઈટ www.bharuchnagarpalika.com પર થી ફોર્મ ડાઉનલોડ કરી શકાશે.

૧૦. અધૂરી ફી, સમય મર્યાદા બાદ મળેલ અરજીઓ ધ્યાને લેવામાં આવશે નહીં અને આ અંગે કોઈ પત્ર વ્યવહાર કરવામાં આવશે નહીં.

૧૧. આ જાહેરાત તથા સમગ્ર ભરતી પ્રક્રિયામાં કોઈપણ કારણસર ફેરફાર કરવાની કે સંપૂર્ણ અથવા અંશત: રદ કરવાની આવશ્યકતા ઊભી થાય તો તેમ કરવાની તથા પસંદગી કરવી કે ન કરવી તે અંગે નગરપાલિકાનો સંપૂર્ણ અબાધિત હક્ક/અધિકાર રહેશે.નગરપાલિકા આ માટે કોઈ કારણો આપવા માટે બંધાયેલ રહેશે નહિ.જગ્યાઓની સંખ્યા અંદાજિત છે.જે ફેરફારને પાત્ર રહેશે.

૧૨. અનામત વર્ગના ઉમેદવાર સામાન્ય જગ્યા પર અરજી કરે છે તો અનામત નો કોઈ લાભ મળવાપાત્ર રહેશે નહિ.અને સામાન્ય વર્ગના ઉમેદવાર તરીકેની શરતો લાગુ પડશે.

૧૩. માન્ય તમામ સંવર્ગના ઉમેદવારોની સ્પર્ધાત્મક પરીક્ષા લેવામાં આવશે.પરીક્ષાનો અભ્યાસક્રમનિયામકશ્રી,અગ્નિશમન સેવા દ્વારા નિયત કર્યા મુજબનો રહેશે.જે અંગેની જાણ માન્ય ઉમેદવારોને અલગથી કરવામાં આવશે.

૧૪. સરકારશ્રીના નીતિ અનુસાર વર્ગ-(૨) સંવર્ગના અધિકારીઓની તેઓને મળવાપાત્ર કાયમી પગાર ધોરણમાં પ્રથમ ૨(બે) વર્ષ માટે અજમાયશી નિમણુંક આપવામાં આવશે.જયારે વર્ગ-(૩) સંવર્ગના કર્મચારીઓની પ્રથમ નિમણુંક ૫(પાંચ) વર્ષના ફિકસપગારથી કરવામાં આવશે.વર્ગ-(૩) સંવર્ગના કર્મચારીઓનો કરારીય સમયગાળો પુર્ણ થયેથી તેઓના નગરપાલિકાના પ્રવર્તમાન ધારાધોરણ અનુસાર પગાર- ભથ્થા મળવાપાત્ર થશે.

૧૫. (૧)શારીરિક રીતે તંદુરસ્ત હોવા જોઈએ.(૨) લાલ,લીલા રંગમાં તફાવત જાણી શકતા હોવા જોઈએ. (૩) ઉંચાઈ:- પુરુષો માટે:- તમામ ઉમેદવાર -૧૬૫ સે.મી. અને અનુસુચિત જન જાતિ માટે -૧૬૨ સે.મી.,મહિલા માટે :- તમામ ઉમેદવાર -૧૫૮ સે.મી. અને અનુસુચિત જન જાતિ માટે -૧૫૬ સે.મી.(૪) વજન:- પુરૂષો માટે ૫૦ કિ.ગ્રા લઘુત્તમ,મહિલા માટે ૪૦કિ.ગ્રા લઘુત્તમ (૫) છાતી:- સામાન્ય-૮૧સે.મી.,ફુલાયેલી-૮૬સે.મી.(ફકત પુરુષો માટે),ઉપરાંત શારીરિક કસોટીમાં ઉત્તીર્ણ થવાનું રહેશે.શારીરિક કસોટીના માપદંડોની માહિતી ભરૂચ નગરપાલિકાની વેબસાઈટ(www.bharuchnagarpalika.com) તથા નગરપાલિકાના નોટીસબોર્ડ પર મુકવામાં આવશે.

જા.નં.મહેકમ/૧૩૨
તા.૦૮-૦૮-૨૦૨૪
સ્થળ.ભરૂચ

સભ્ય સચિવ પસંદગી સમિતિ અને ચીફ ઓફિસર
ભરૂચ નગરપાલિકા,
ભરૂચ.

# ભરૂચ નગરપાલિકા,ભરૂચ

## વિભાગીય ફાયર અધિકારીનું અરજી ફોર્મ

તાજેતરનો રંગીન
પાસપોર્ટ સાઈઝનો
ફોટો

પ્રતિ,

સભ્ય સચિવશ્રી,

પસંદગી સમિતિ અને

ચીફ ઓફિસર

ભરૂચ નગરપાલિકા

વિભાગીય ફાયરની જગ્યા પર નિમણુંક આપવા અંગેની ઉમેદવાર તરીકેને અરજી.

ઉમેદવારનું નામ :- ..........................................................................

હાલનું સરનામું :- ..........................................................................

..........................................................................

જન્મ તારીખ :-............................ ઉંમર/વર્ષ........... મોબાઈલ નં.......................

જાતિ:-......................... જ્ઞાતિ/પેટા જ્ઞાતિ ................................ કેટેગરી..............

**મારી શૈક્ષણિક અને અન્ય લાયકાત નીચે મુજબ છે.**

| શૈક્ષણિક લાયકાત | પરીક્ષા પાસ કર્યાનું વર્ષ | બોર્ડ/યુનિ.નું નામ | ટકા/ગ્રેડ |
|---|---|---|---|
| ધોરણ-૧૨(એચ.એસ.સી) | | | |
| સ્નાતક | | | |
| અનુસ્નાતક | | | |
| નેશનલ ફાયર સર્વિસ કોલેજ નાગપુરનો ડીવીઝનલ ફાયર ઓફિસરનો કોર્ષ | | | |

**અનુભવ:-**

| સંસ્થાનું નામ | હોદ્દો | તારીખ થી તારીખ | કુલ અનુભવના વર્ષ |
|---|---|---|---|
| | | | |
| | | | |
| | | | |

હેવી મોટર વ્હીકલ ડ્રાઈવિંગ લાયસન્સની વિગત:-

અરજી ફીની વિગત :- ડિમાન્ડ ડ્રાફ્ટ નં ...................તા.............................

# <u>બાંહેધરી</u>

આથી હું......................................................................................... ગામ......................... તાલુકો................... જીલ્લો.................. ખાતરી આપું છું કે ઉપર જણાવેલ તમામ હકીકતો મારી ઉત્તમ જાણ મુજબ સાચી અને ખરી છે.ઉપરોકત માહિતી જો ખોટી જણાશે તો મારી ઉમેદવારી આપોઆપ રદ ગણાશે.

તારીખ :- ઉમેદવારની સહી

બિડાણની વિગત:-

(૧) શાળા છોડયાનું પ્રમાણપત્ર

(૨) ધોરણ-૧૨ ની માર્કશીટ

(૩) સ્નાતકની માર્કશીટ

(૪) ડિગ્રી પ્રમાણપત્રની નકલ

(૫) નેશનલ ફાયર સર્વિસ કોલેજ નાગપુરનો ડીવીઝનલ ફાયર ઓફિસરનો કોર્ષનું પ્રમાણપત્ર

(૬) જાતિનો દાખલો

(૭) ડ્રાઇવિંગ લાયસન્સની નકલ

(૮) અનુભવના પ્રમાણપત્રો

# ભરૂચ નગરપાલિકા,તા.જી.ભરૂચ

## જાહેરાત

ભરૂચ નગરપાલિકામાં અગ્નિશમન સેવાના કર્મચારીઓની ભરતી માટે ગુજરાત સરકાર, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક ૨૦૧૮-૭૦-વ પાર્ટ, તા.૨૭/૦૯/૨૦૧૯ થી મંજુર થયેલ જગ્યાઓ માટે લાયકાત ધરાવતા ઉમેદવારોએ જાહેરાત પ્રસિદ્ધ થયેથી તા.૩૦-૦૮-૨૦૨૪ સુધી અરજી કરવાની રહેશે. ઉમેદવારો માટેની શૈક્ષણિક લાયકાત અને શારીરિક યોગ્યતાના ધોરણો આ સાથે સામેલ છે. જે મુજબની યોગ્યતા ધરાવતા ઉમેદવારોએ અરજી કરવાની રહેશે. વધુ વિગત માટે નગરપાલિકા કચેરીની મહેકમ શાખામાં સંપર્ક કરવાનો રહેશે.

| અ. નં | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા | વર્ગ | શૈક્ષણિક લાયકાત, ટેકનિકલ લાયકાત, અનુભવ તથા વયમર્યાદા | કેટેગરી મુજબ ભરવાની થતી જગ્યાઓ | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | બિન અનામત | | આ.ન.વ. | | સા.શૈ.પ.વ. | | અનુ. જાતિ. | | અનુ. જનજાતિ. | | કુલ |
| | | | | | પુ | સ્ત્રી | પુ | સ્ત્રી | પુ | સ્ત્રી | પુ | સ્ત્રી | પુ | સ્ત્રી | |
| ૧ | ફાયરમેન કમ ડ્રાઇવર | ૦૩ | ૩ | (૧) શૈક્ષણિક લાયકાત :-<br>(૧)સીધી ભરતીથી પસંદગીમાં નિમણુંક થવા માટે ઉચ્ચતર માધ્યમિક શાળા પ્રમાણપત્ર પરીક્ષા એચ.એસ.સી.(ધોરણ-૧૨) અથવા તેની સમકક્ષ સરકારે માન્ય કરેલ શૈક્ષણિક લાયકાત ધરાવતા હોવા જોઈએ.<br>(૨) ટેકનિકલ લાયકાત:<br>(I)નેશનલ ફાયર એકેડમી(AIILSG),વડોદરા અથવા ગુજરાત સરકાર માન્ય આઇ.ટી.આઇ. માંથી ફાયરમેન/ફાયર ટેક્નોલોજી અને ઇન્ડસ્ટ્રીયલ મેનેજમેન્ટ અથવા સમકક્ષ કોર્ષ સરકાર માન્ય સંસ્થામાંથી GCVT/NCVT પાસ હોવા જોઈએ.<br>(II)લાઈટ(હળવા)/હેવી મોટર વ્હીકલ ચલાવવાનું વેલીડ લાઇસન્સ ફરજીયાત હોવું જોઈએ<br>(III) સ્વીમિંગની જાણકારી જરૂરી છે.<br>(3) અનુભવ:<br>ફાયર સેવાઓમાં ફાયરમેન અથવા સમકક્ષ જગ્યા પર સળંગ નોકરીનો ૧ વર્ષનો અનુભવ ધરાવતા હોવા જોઈએ.<br>(૪) વયમર્યાદા: ૩૫ વર્ષથી વધુ નહીં | ૦ | ૨ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦૩ |

## જાહેરાત અંગેની સુચનાઓ

૧. ઉપરોક્ત જગ્યાઓ માટેની અરજી જાહેરાત પ્રસિધ્ધ થયેથી તા.૩૦-૦૮-૨૦૨૪ સુધીમાં ચીફ ઓફિસરશ્રી, ભરૂચ નગરપાલિકા, તા.જી.ભરૂચ ખાતે ફક્ત રજીસ્ટર પોસ્ટ અથવા સ્પીડ પોસ્ટથી મોકલી આપવાની રહશે.

૨. અરજદારે અરજી સાથે તાજેતરમાં પડાવેલ પાસપોર્ટ સાઇઝ ફોટા નંગ-૦૨, શાળા છોડ્યાનું પ્રમાણપત્ર,શૈક્ષણિક લાયકાતથી સ્વપ્રમાણિત નકલ રજુ કરવાની રહેશે. અનામત વર્ગના ઉમેદવારે જાતિ અંગેનું સક્ષમ અધિકારીશ્રી નું પ્રમાણપત્ર રજુ કરવાનું રહશે.

૩. ઉપરોક્ત તમામ જગ્યાઓ માટે અરજી સાથે બિનઅનામત વર્ગના અરજદારે રૂ.૫૦૦/- નો ડિમાન્ડ ડ્રાફ્ટ, ચીફ ઓફિસરશ્રી,ભરૂચ નગરપાલિકાના નામથી મોકલવાની રહેશે. અનુસૂચિત જાતિ, અનુસુચિત જન જાતિ તથા શૈક્ષણિક પછાતવર્ગના તથા આર્થિક નબળા વર્ગના ઉમેદવારે પણ કોઈ ફી ભરવાની રહેશે નહીં.

૪. અનામત જાતિના ઉમેદવારે તેની જાતિ અંગેનું (અનુ.જાતિ,અનુ.જન જાતિ,સા.શૈ.પ. તથા આર્થિક રીતે નબળા વર્ગ(EWS/બિ.અ.વ) અંગેનું ગુજરાત સરકારશ્રી દ્વારા નક્કી કરાયેલ નમુના મુજબનું સરકારશ્રીના સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.તેમજ સા.શૈ.પ.વર્ગના ઉમેદવારોએ રાજય સરકારની નોકરી માટે કઢાવેલ નોન-ક્રીમીલેયર સર્ટિફીકેટ તા.૦૧-૦૩-૨૦૨૨ થી ૩૧-૦૩-૨૦૨૫ દરમિયાન મેળવેલ હોય તેવું પ્રમાણપત્ર ધરાવતા ઉમેદવારોને કેટેગરીની અનામત જગ્યાનો લાભ મળશે.

૫. અરજી કવર ઉપર જે જગ્યા માટે અરજી કરેલ હોય તે જગ્યાનુ નામ સ્પષ્ટ દર્શાવવાનું રહેશે.

૬. વય મર્યાદા સરકારશ્રીના નિતિ નિયમ મુજબની રહેશે. તેમજ અનામત વર્ગના ઉમેદવારોને સરકારશ્રી ના નિયમ મુજબ ઉમરમાં છૂટછાટ મળવા પાત્ર થશે. અરજી સ્વીકારવાની છેલ્લી તારીખે નિયત શૈક્ષણિક લાયકાત, જરૂરી વયમર્યાદા તથા નિયત અનુભવ ધરાવતા હોવા જોઈએ.

૭. દરેક જગ્યા માટે ઉમેદવારે અલગ અરજી કરવાની રહેશે.

૮. એક જ અરજીપત્રકમાં એક કરતાં વધુ જગ્યા માટે અરજી કરેલ હશે તો અરજીપત્રક રદ ગણવામાં આવશે.

૯. અરજીપત્રક નગરપાલિકાની મહેકમ શાખામાંથી રૂબરૂમાં/ભરૂચ નગરપાલિકાની વેબસાઈટ www.bharuchnagarpalika.com પર થી ફોર્મ ડાઉનલોડ કરી શકાશે.

૧૦. અધૂરી ફી, સમય મર્યાદા બાદ મળેલ અરજીઓ ધ્યાને લેવામાં આવશે નહીં અને આ અંગે કોઈ પત્ર વ્યવહાર કરવામાં આવશે નહીં.

૧૧. આ જાહેરાત તથા સમગ્ર ભરતી પ્રક્રિયામાં કોઈપણ કારણસર ફેરફાર કરવાની કે સંપૂર્ણ અથવા અંશતઃ રદ કરવાની આવશ્યકતા ઊભી થાય તો તેમ કરવાની તથા પસંદગી કરવી કે ન કરવી તે અંગે નગરપાલિકાનો સંપૂર્ણ અબાધિત હક્ક/અધિકાર રહેશે.નગરપાલિકા આ માટે કોઈ કારણો આપવા માટે બંધાયેલ રહેશે નહિ.જગ્યાઓની સંખ્યા અંદાજિત છે.જે ફેરફારને પાત્ર રહેશે.

૧૨. અનામત વર્ગના ઉમેદવાર સામાન્ય જગ્યા પર અરજી કરે છે તો અનામત નો કોઈ લાભ મળવાપાત્ર રહેશે નહિ.અને સામાન્ય વર્ગના ઉમેદવાર તરીકેની શરતો લાગુ પડશે.

૧૩. માન્ય તમામ સંવર્ગના ઉમેદવારોની સ્પર્ધાત્મક પરીક્ષા લેવામાં આવશે.પરીક્ષાનો અભ્યાસક્રમનિયામકશ્રી,અગ્નિશમન સેવા દ્વારા નિયત કર્યા મુજબનો રહેશે.જે અંગેની જાણ માન્ય ઉમેદવારોને અલગથી કરવામાં આવશે.

૧૪. સરકારશ્રીના નીતિ અનુસાર વર્ગ-(૨) સંવર્ગના અધિકારીઓની તેઓને મળવાપાત્ર કાયમી પગાર ધોરણમાં પ્રથમ ૨(બે) વર્ષ માટે અજમાયશી નિમણુંક આપવામાં આવશે.જયારે વર્ગ-(૩) સંવર્ગના કર્મચારીઓની પ્રથમ નિમણુંક ૫(પાંચ) વર્ષના ફિકસપગારથી કરવામાં આવશે.વર્ગ-(૩) સંવર્ગના કર્મચારીઓનો કરારીય સમયગાળો પુર્ણ થયેથી તેઓના નગરપાલિકાના પ્રવર્તમાન ધારાધોરણ અનુસાર પગાર- ભથ્થા મળવાપાત્ર થશે.

૧૫. (૧)શારીરિક રીતે તંદુરસ્ત હોવા જોઈએ.(૨) લાલ,લીલા રંગમાં તફાવત જાણી શકતા હોવા જોઈએ. (૩) ઉંચાઈ:- પુરુષો માટે:- તમામ ઉમેદવાર -૧૬૫ સે.મી. અને અનુસુચિત જન જાતિ માટે -૧૬૨ સે.મી.,મહિલા માટે :- તમામ ઉમેદવાર -૧૫૮ સે.મી. અને અનુસુચિત જન જાતિ માટે -૧૫૬ સે.મી.(૪) વજન:- પુરૂષો માટે ૫૦ કિ.ગ્રા લઘુત્તમ,મહિલા માટે ૪૦કિ.ગ્રા લઘુત્તમ (૫) છાતી:- સામાન્ય-૮૧સે.મી.,ફુલાયેલી-૮૬સે.મી.(ફકત પુરૂષો માટે),ઉપરાંત શારીરિક કસોટીમાં ઉત્તીર્ણ થવાનું રહેશે.શારીરિક કસોટીના માપદંડોની માહિતી ભરૂચ નગરપાલિકાની વેબસાઈટ(www.bharuchnagarpalika.com) તથા નગરપાલિકાના નોટીસબોર્ડ પર મુકવામાં આવશે.

જા.નં.મહેકમ/૧૩૨
તા.૦૮-૦૮-૨૦૨૪
સ્થળ.ભરૂચ

સભ્ય સચિવ પસંદગી સમિતિ અને ચીફ ઓફિસર
ભરૂચ નગરપાલિકા,
ભરૂચ.

## ભરૂચ નગરપાલિકા,ભરૂચ
## ફાયરમેન કમ ડ્રાઈવરનું અરજી ફોર્મ

| તાજેતરનો રંગીન પાસપોર્ટ સાઈઝનો ફોટો |
|---|

પ્રતિ,
સભ્ય સચિવશ્રી,
પસંદગી સમિતિ અને
ચીફ ઓફિસર
ભરૂચ નગરપાલિકા

ફાયરમેન કમ ડ્રાઈવરની જગ્યા પર નિમણુંક આપવા અંગેની ઉમેદવાર તરીકેને અરજી.

ઉમેદવારનું નામ :- ..................................................................
હાલનું સરનામું :- ...................................................................
...................................................................
જન્મ તારીખ :-............................ ઉંમર/વર્ષ........... મોબાઈલ નં.......................
જાતિ:- ......................... જ્ઞાતિ/પેટા જ્ઞાતિ ................................. કેટેગરી.............

મારી શૈક્ષણિક અને અન્ય લાયકાત નીચે મુજબ છે.

| શૈક્ષણિક લાયકાત | પરીક્ષા પાસ કર્યાનું વર્ષ | બોર્ડ/યુનિ.નું નામ | ટકા/ગ્રેડ |
|---|---|---|---|
| ધોરણ-૧૨(એચ.એસ.સી) | | | |
| સ્નાતક | | | |
| અનુસ્નાતક | | | |
| નેશનલ ફાયર એકેડમી(AIILSG) વડોદરા અથવા ગુજરાત સરકાર માન્ય આઈ.ટી.આઈ.માંથી ફાયરમેન/ફાયર ટેકનોલોજી અને ઇન્ડસ્ટ્રીયલ મેનેજમેન્ટ અથવા સમકક્ષ કોર્ષ સરકાર માન્ય સંસ્થામાંથી પાસ | | | |

અનુભવ:-

| સંસ્થાનું નામ | હોદ્દો | તારીખ થી તારીખ | કુલ અનુભવના વર્ષ |
|---|---|---|---|
| | | | |
| | | | |
| | | | |

લાઈટ(હળવા) /હેવી મોટર વ્હીકલ ડ્રાઈવિંગ લાયસન્સની વિગત:-

અરજી ફીની વિગત :- ડિમાન્ડ ડ્રાફટ નં ....................તા..............................

# બાંહેધરી

આથી હું..................................................................................... ગામ.........................
તાલુકો.................. જીલ્લો................ ખાતરી આપું છું કે ઉપર જણાવેલ તમામ હકીકતો મારી ઉત્તમ જાણ મુજબ સાચી અને ખરી છે.ઉપરોકત માહિતી જો ખોટી જણાશે તો મારી ઉમેદવારી આપોઆપ રદ ગણાશે.

તારીખ:- ઉમેદવારની સહી

બિડાણની વિગત:-

(૧) શાળા છોડયાનું પ્રમાણપત્ર

(૨) ધોરણ-૧૨ ની માર્કશીટ

(૩) સ્નાતકની માર્કશીટ

(૪) ડિગ્રી પ્રમાણપત્રની નકલ

(૫) નેશનલ ફાયર એકેડમી (AIILSG) વડોદરા અથવા ગુજરાત સરકાર માન્ય આઈ.ટી.આઈ માંથી ફાયરમેન/ફાયરટેકનોલોજી અને ઈન્ડસ્ટ્રીયલ મેનેજમેન્ટ અથવા સમકક્ષ કોર્ષનું પ્રમાણપત્ર

(૬) જાતિનો દાખલો

(૭) ડ્રાઇવિંગ લાયસન્સની નકલ

(૮) અનુભવના પ્રમાણપત્રો

# ભરૂચ નગરપાલિકા,જી. ભરૂચ

ભરૂચ નગરપાલિકાના અગ્નિશમન કેન્દ્રના સંચાલન માટે અગ્નિશમન સેવાના અધિકારીઓ/
કર્મચારીઓની ભરતી અને બઢતી સેવાની શરતો માટેના નિયમો

આમુખઃ- નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ની કલમ ૨૭૧(ડી) અન્વયે બનાવેલા નિયમો છે.

તા.૧૮-૧૦-૨૦૧૯ ના ઠરાવ નંબર-૯૦૮ મુજબ

પ્રારંભિક: ગુજરાત અગ્નિનિવારણ અને જીવનસુરક્ષા ઉપાય વિષયક અધિનિયમ:૨૦૧૩ ના અમલીકરણ સંદર્ભે સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા.૧૯/૦૩/૨૦૧૮ ના જાહેરનામાંથી મુકરર થયેલ રાજ્યના પાંચ અગ્નિશમન પ્રદેશો તથા તે હેઠળના ૩૨ અગ્નિશમન જિલ્લાઓના વડામથકની નિયત થયેલ નગરપાલિકાઓના અગ્નિશમન કેન્દ્રોને સુદૃઢ કરવા માટે શહેરી વિકાસ વિભાગના તા.૨૭/૦૯/૨૦૧૯ ના ઠરાવથી ૨૧ અધિકારી/કર્મચારીઓના મંજુર થયેલા નવિન મહેકમ માળખા સંબંધે ભરૂચ નગરપાલિકાની તા.૧૮/૧૦/૨૦૧૯ ના રોજ મળેલ ખાસ/રાબેતા મુજબની સામાન્ય સભાના ઠરાવ ક્માંક: ૯૦૮ તથા કમિશ્નરશ્રી,મ્યુનિસિપાલીટીઝ એડમીનીસ્ટ્રેશન, ગાંધીનગરના હુકમ ક્માંક:કમિ.મ્યુનિ.એડી/મકમ-૧/ફા.નં.૧૬૪૨/ફાયર/મહેકમ /વશી.૩૦૮૫/૨૦૧૯/૧૮૭ તા.૦૨/૦૧/૨૦૨૦ થી મળેલ મંજુરીઓ અન્વયે ભરૂચ નગરપાલિકા દ્વારા ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ ની કલમ-૨૭૧(જ) હેઠળ તેના અગ્નિશમન કેન્દ્રના ઉપસ્થિત થયેલ ઉક્ત નવિન મહેકમ માળખા (અગ્નિશમન સેવા)ના અધિકારીઓ/કર્મચારીઓની ભરતી,બઢતી,નિમણુંક અને લાયકાતના ધોરણો બાબતે નીચે મુજબના નિયમો કરવામાં આવે છે.

## -: નિયમો :-

નિયમ ક્મ : ૧ વ્યાખ્યા :

આ નિયમો ભરૂચ નગરપાલિકાના અગ્નિશમન કેન્દ્રના સંચાલન માટે અગ્નિશમન સેવાના અધિકારીઓ/કર્મચારીઓના ભરતી,બઢતી,નિમણુંક,લાયકાતના ધોરણો અને સેવાની શરતો બાબતના નિયમો:૨૦૨૦ કહેવાશે અને તે પ્રાદેશિક કમિશ્નરશ્રી નગરપાલિકાઓ સુરત ઝોનની મંજુરી મળ્યા બાદ અમલમાં આવશે.

## નિયમ ક્રમ : ૨

ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ ની કલમ-૫૦(૧) હેઠળના કમિશ્નરશ્રી, મ્યુનિસિપાલિટીઝ એડમીનીસ્ટ્રેશન,ગાંધીનગરના હુકમ ક્રમાંક કમિ.મ્યુનિ.એડી/મકમ-૧/ફા.નં.૧૬૪૨/ફાયર/મહેકમ/વશી.૩૦૮૫/૨૦૧૯/૧૮૭ તા.૦૨/૦૧/૨૦૨૦ થી મળેલ મંજુરી મુજબ ભરૂચ નગરપાલિકાનું અગ્નિશમન સેવાના અધિકારીઓ /કર્મચારીઓનું સંવર્ગવાર મહેકમ માળખું નીચે મુજબ રહેશે.

| ક્રમ | જગ્યાનું નામ | વર્ગ | આ કચેરીને ફાળવાયેલ સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ડીવીઝનલ ફાયર ઓફિસર | ૨ | ૧ |
| ૨ | સ્ટેશન ફાયર ઓફિસર | ૩ | ૧ |
| ૩ | ફાયર વાયરલેસ ઓફિસર | ૩ | ૧ |
| ૪ | નાયબ એકાઉન્ટન્ટ | ૩ | ૧ |
| ૫ | ક્લાર્ક | ૩ | ૧ |
| ૬ | લીડીંગ ફાયરમેન | ૩ | ૧ |
| ૭ | ડ્રાઈવર કમ પંપ ઓપરેટર | ૩ | ૩ |
| ૮ | ફાયરમેન કમ ડ્રાઈવર | ૩ | ૧૨ |
| | કુલ | | ૨૧ |

**નિયમ ક્રમ : ૩** અગ્નિશમન સેવામાં જોડાવા માંગતા ઉમેદવારો માટેના સામાન્ય લાયકાતના ધોરણે નીચે મુજબ રહેશે.

(અ) નાગરિકત્વ સંબંધી લાયકાત:

(૧) ભારતનો નાગરીક હોય, અથવા
(૨) સિક્કિમનો પ્રજાજન હોય, અથવા
(૩) નેપાલનો પ્રજાજન હોય, અથવા
(૪) ભુતાનનો પ્રજાજન હોય, અથવા
(૫) તિબેટના નિર્વાસન હોય જે ભારતમાં કાયમી વસવાટ ઇરાદાથી સને ૧૯૬૩ ના જાન્યુઆરી મહીનાની પહેલી તારીખે પહેલા ભારતમાં આવ્યો હોય અથવા

(૬) મુળ ભારતની વ્યક્તિ હોય અને જે પાકિસ્તાન, બ્રહ્મદેશ,શ્રીલંકા,કેન્યા, યુગાંડા જેવા પુર્વ આફ્રિકાના દેશો અને અગાઉના ટ્રાન્ઝાનિકા તરીકે ઓળખાતા/ટ્રાન્ઝાનિયાના સંયુક્ત પ્રજાસત્તાકમાંથી સ્થળાંતર કરીને આવી હોય પરંતુ ખંડ (૩), (૪), (૫) અથવા (૬) માં નિદિષ્ટ કરેલ વર્ગનો ઉમેદવાર કે સરકારે જેની તરફેણમાં લાયકાત પ્રમાણપત્ર આપ્યું હોય તેવી વ્યક્તિ હોવી જોઈએ અને ખંડ (૬) માં નિર્દિષ્ટ કરેલ વર્ગનો ઉમેદવાર હોય ત્યારે લાયકાત પ્રમાણપત્ર તેની નિમણુંકની તારીખથી ૧ વર્ષની મુદત સુધી જ માન્ય રહેશે અને એ મુદત પછી જો તેને ભારતનું નાગરિકત્વ મેળવ્યું હોય તો જ સેવામાં રાખી શકાશે.

(બ) કોઈપણ વ્યક્તિને નીચે પ્રમાણે હોય તો કોઈ જગ્યા ઉપર નીમી શકાશે નહીં

(૧) જો તેને કોઈ પણ સ્થાનિક સત્તા મંડળ,સરકાર અથવા અર્ધ સરકારી સંસ્થામાંથી ગેરવર્તન માટે બરતરફ કરવામાં આવી હોય તો,અથવા

(૨) જો તેને એવા ગુના માટે દોષિત ઠરાવવામાં આવી હોય તે જે નિમણુંક અધિકારી ના અભિપ્રાય મુજબ નૈતિક અધઃપતનનો ગુનો થાય તો,અથવા

(૩) જો તેને એક કરતા વધુ પત્ની હયાત હોય અને સ્ત્રીની બાબતમાં જેની પત્ની હયાત હોય તેવી વ્યક્તિ સાથે લગ્ન કર્યું હોય તો,

(૪) કોઈ જગ્યા ઉપરની નિમણુંક માટેની દરેક અરજીમાં યથા પ્રસંગ તે અથવા તેણી પરણીત છે કે કેમ? અને જો હોય તો પુરૂષ અરજદારની બાબતમાં તેને એક કરતાં વધુ પત્ની હયાત છે કે કેમ અને સ્ત્રી અરજદારની બાબતમાં જેને પત્નિ હયાત હોય તેવા વ્યકતી સાથે લગ્ન કરેલ છે કે કેમ તે બાબત જાહેર કરવી પડશે. નિમણુંક પછી એવી જાહેરાત ખોટી હોવાનું જણાય તે પ્રસંગે અરજદાર સેવામાંથી દુર કરવાને પાત્ર થશે.

(ક) સારા ચારિત્ર્યનો પુરાવો :

અગ્નિશમન સેવામાં હોય તેવી વ્યક્તિની બઢતી કર્યા સિવાય કોઈ પણ જગ્યા ઉપરની નિમણુંક નગરપાલિકા માગે તેવા સારા ચારિત્ર્યનો પુરાવો રજુ કરવાને આધિન રહેશે.

<u>નિયમ ક્રમ : ૪</u> અગ્નિ સેવામાં જોડાવા માંગતા ઉમેદવારોની વયમર્યાદા,શૈક્ષણિક લાયકાત,ટેકનીકલ લાયકાત,શારીરિક ક્ષમતા,શારીરિક કસોટી,અનુભવ અને બઢતીની લાયકાતના ધોરણે સામેલ પરિશિષ્ટ-૧ મુજબ રહેશે.

<u>નિયમ ક્રમ : ૫</u> અગ્નિશમન સેવાના અધિકારીઓ/કર્મચારીઓના પગાર ધોરણો રાજ્ય સરકારશ્રી દ્વારા ઠરાવવામાં આવે તેમજ તેમાં રાજ્ય સરકારશ્રી તરફથી વખતોવખત સુધારા-વધારા કરવામાં આવે તે મુજબના રહેશે.

<u>નિયમ ક્રમ : ૬</u> પસંદગી સમિતિ:-

અગ્નિશમન સેવાના અધિકારીઓ/કર્મચારીઓની સીધી ભરતી/બઢતી માટેની પસંદગી અર્થે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના ઠરાવ ક્રમાંક ઇએસટી/૧૨૧૨/સી.ફા.-૩૦/આર,તા.૦૪/૦૯/૨૦૧૨ તથા કમિશ્નરશ્રી,મ્યુનિસિપાલિટીઝ એડમીનીસ્ટ્રેશન, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક :કમિ.મ્યુનિએડી/મકમ-ફા.નં.૧૫૦૮/ન.પા.ભરતીસમિતિ/વશી/ ૩૪૭૨/૨૦૧૮,તા.૨૮/૧૧/૨૦૧૮ થી થયેલ જોગવાઇઓ અનુસંધાને નીચે મુજબની પસંદગી સમિતિ રહેશે.

| ક્રમ | હોદ્દો | પસંદગી સમિતિમાં હોદ્દો |
|---|---|---|
| ૧ | નગરપાલિકા ધ્વારા નિયુક્ત પસંદગી સમિતિના અધ્યક્ષ (સામાન્ય સભાની મંજુરીને આધીન) | અધ્યક્ષ |
| ૨ | નગરપાલિકાના પ્રમુખશ્રી અથવા તેઓશ્રી નિયુક્ત સદસ્યશ્રી | સભ્ય |
| ૩ | નગરપાલિકાની કારોબારી સમિતિના અધ્યક્ષશ્રી | સભ્ય |
| ૪ | પ્રાદેશિક કમિશ્નર કચેરીના પ્રતિનિધિ તરીકે પ્રાદેશિક કમિશ્નર દ્વારા નિયુક્ત અધિકારી | સભ્ય |
| ૫ | અગ્નિશમન સેવાના તજજ્ઞ તરીકે સંબંધિત પ્રાદેશિક અગ્નિશમન અધિકારી | આમંત્રીત સભ્ય |
| ૬ | ચીફ ઓફીસર | સભ્ય સચિવ |

## નિયમ ક્રમ : ૭ સીધી ભરતીથી નિમણુંક:-

(અ) સીધી ભરતી માટે ઉમેદવારોની અરજીઓ મંગાવવા માટે જાહેરાતની પ્રસિધ્ધિ

પસંદગી સમિતિના સભ્યસચિવ ઉપરોક્ત મંજુર થયેલા અગ્નિશમન સેવાના અધિકારીઓ/કર્મચારીઓની સીધી ભરતી માટે બહોળો ફેલાવો ધરાવતા ઓછામાં ઓછા બે ગુજરાતી દૈનિક વર્તમાન પત્રોમાં સરકારશ્રીના માહિતી ખાતા મારફતે જાહેરાત આપીને ઉમેદવારોની અરજીઓ રજીસ્ટર્ડ પોસ્ટ એડી.થી મેળવશે અગર તો ઓનલાઈન પોર્ટલ મારફતે અરજીઓ મંગાવી શકાશે.

(બ) ઉમેદવારોની અરજીઓનું રજીસ્ટર:-

ચીફ ઓફીસરશ્રી દ્વારા અપાયેલ જાહેરાત અનુસંધાને આવેલ તમામ અરજીઓ પરિશિષ્ટ -૨ મુજબના રજીસ્ટરમાં નોધવામાં આવશે.

(ક) માન્ય/અમાન્ય ઉમેદવારીની યાદી :-

ચીફ ઓફીસર ઉમેદવારોની આવેલ તમામ અરજીઓની ચકાસણી કરશે તથા તેનો આધારે માન્ય/અમાન્ય ઉમેદવારીની યાદી પરિશિષ્ટ-૩ અને પરિશિષ્ટ-૪ મુજબ તૈયાર કરીને પસંદગી સમિતિ સમક્ષ એપ્રુઅલ અર્થે રજુ કરશે અને એપ્રુઅલ મળ્યા બાદ નગરપાલિકા કચેરીના જાહેર નોટીસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ કરશે.અને સંબંધિત ઉમેદવારોને તેની જાણ કરશે.

(ડ) માન્ય ઉમેદવારોની સ્પર્ધાત્મક પરિક્ષાઓનું આયોજન:-

(૧) તમામ સંવર્ગના અધિકારી/કર્મચારીઓની સ્પર્ધાત્મક પરીક્ષાઓનો સિલેબસ સરકારશ્રી/નિયામકશ્રી રાજ્ય અગ્નિશમન સેવા તરફથી નિયત કરવામાં આવેલ હોય તો તે મુજબ અન્યથા પસંદગી સમિતિ માન્ય કરે તે મુજબનો રહેશે.

(૨) માન્ય ઉમેદવારોની સ્પર્ધાત્મક પરીક્ષાઓનું આયોજન રાજ્ય સરકારશ્રી તરફથી નિયત કરવામાં આવેલ હોય તેવી સંસ્થાઓ પાસેથી અને નિયત કરવામાં આવેલ ન હોય તો સરકાર માન્ય શૈક્ષણિક અને તાલિમી સંસ્થાઓ જેવી કે સ્પીપા, જી.ટી.યુ.,સેપ્ટ, સરકારી કોલેજો અને યુનિવર્સિટીઓ વગેરે પાસેથી કરાવવાની રહેશે.

(૩) સ્પર્ધાત્મક પરિક્ષાઓનો કાર્યક્રમ પરીક્ષા લેનાર સંસ્થાની અનુકુળતા મુજબ પસંદગી સમિતિ ઠરાવે તે મુજબનો રહેશે.

(૪) પસંદગી સમિતિના સભ્યસચિવ તરીકે ચીફ ઓફીસર તમામ માન્ય ઉમેદવારોને સ્પર્ધાત્મક પરિક્ષાનો સિલેબસ અને કાર્યક્રમ રજીસ્ટર્ડ પોસ્ટ એડી.થી મોકલી આપશે.

(૫) સ્પર્ધાત્મક પરીક્ષાઓની બેઠક વ્યવસ્થા અને સુપરવિઝન પરીક્ષા લેનાર સંસ્થાએ નિયત કરવાના રહેશે.તે ઉપરાંત પસંદગી સમિતિના સભ્યો પણ ઐચિક સુપરવિઝન કરી શકશે.

(૬) સ્પર્ધાત્મક પરીક્ષાઓ પુરી થયા બાદ પરીક્ષા લેનાર સંસ્થાએ ઉમેદવારોના ગુણપત્રકો અને મેરીટ યાદી ચીફ ઑફિસરને સિલબંધ કવરમાં મોકલી આપવાના રહેશે.

(૭) સ્પર્ધાત્મક પરીક્ષાઓ લેવા માટે પરીક્ષા લેનાર સસ્થાને થનાર ખર્ચની ચુકવણી નગરપાલિકાએ તેના ભંડોળ માંથી કરવાની રહેશે.

(ઈ) પસંદગી સમિતિનો નિર્ણય :-

ચીફ ઓફિસરએ પરીક્ષા લેનાર સંસ્થા તરફથી સિલબંધ કવરમાં મળેલા ગુણપત્રકો અને મેરીટ યાદી પસંદગી સમિતિની બેઠક બોલાવીને તેમાં રજુ કરીને ખોલવાના રહેશે. પસંદગી સમિતિએ મેરીટ યાદીના ક્રમાનુસાર જ ઉમેદવારોની પસંદગી યાદી અને પ્રતિક્ષા યાદી નક્કી કરવા નિર્ણય લેવાનો રહેશે.અને સભ્યસચિવ તરીકે ચીફ ઑફિસરએ પસંદગી સમિતિની કાર્યવાહી નોંધ તૈયાર કરવાની રહેશે.

(ફ) પસંદગી સમિતિના નિર્ણયને બહાલી :-

પસંદગી સમિતિની કાર્યવાહી નોંધ તૈયાર થયા બાદ સભ્યસચિવ તરીકે ચીફ ઓફિસરએ બનતી ત્વરાએ સદરહુ કાર્યવાહી નોંધ સીધી ભરતી માટે કરાયેલ તમામ કાર્યવાહીઓના આધારો સાથે બહાલી અર્થે સબંધિત પ્રાદેશિક કમિશ્નરશ્રીને મોકલી આપવાની રહેશે.

(ગ) નિમણુંકના નિયમો :-

ઉમેદવારોની પસંદગી બાબતની પસંદગી સમિતિની કાર્યવાહી નોંધને પ્રાદેશિક કમિશ્નરશ્રી તરફથી બહાલી મળ્યા બાદ સભ્યસચિવ તરીકે ચીફ ઓફીસરએ સંબધિત ઉમેદવારોના નિમણુંકના હુકમો કરવાના રહેશે.

નિયમ ક્રમ :૮ બઢતીથી નિમણુંક :-

(૧) અગ્નિશમન સેવાનાં કોઈપણ કર્મચારી સીનિયોરિટી કારણે જ ઉપલી જગ્યા ઉપર બઢતી મેળવવાને હક્કદાર થશે નહીં.પરંતુ સીનિયોરિટી ઉપરાંત બઢતી માટે ગુણવત્તા તથા કાર્યક્ષમતાના આધારે યોગ્ય જણાયો હોય તે સિવાય તે કર્મચારીને ઉપલી જગ્યા ઉપર બઢતી આપી શકાશે નહીં.

(૨) અગ્નિશમન સેવાની કોઈપણ જગ્યા ઉપરની નિમણુંક બઢતીથી કરવાની હોય ત્યારે પસંદગી સમિતિ સંબંધિત કર્મચારીની શૈક્ષણિક લાયકાત અને બીજી લાયકાતો અને ખાનગી અહેવાલો વિચારણામાં લેશે અને સમિતિ બઢતી માટે યોગ્ય જણાય તે કર્મચારીની પસંદગી કરવા નિર્ણય કરશે.

(3) અગ્નિશમન સેવાના કર્મચારીને બઢતી આપવા અંગે લઘુત્તમ અનુભવ તથા બીજી બાબતો રાજ્ય સરકારે આ અંગે કરેલ નીતિ મુજબની રહેશે.

(૪) પેટા કલમ-૨ મુજબ પસંદગી સમિતિ બઢતી આપવાનો નિર્ણય કરે ત્યાર બાદ ચીફ ઓફીસર પસંદગી સમિતિની કાર્યવાહીની નોંધ અન્ય આનુષાંગીક આધારો સાથે બહાલી અર્થે પ્રાદેશિક કમિશ્નરશ્રીને મોકલી આપશે.

(૫) પ્રાદેશિક કમિશ્નરશ્રીની બહાલી મળ્યા બાદ સભ્ય સચિવ તરીકે ચીફ ઓફીસરએ સંબંધિત ઉમેદવારોના બઢતીના હુકમો કરવાના રહેશે.

નિયમ ક્રમ :૯ વયમર્યાદામાં છુટછાટ:-

અનુસુચિત જાતિઓ,અનુસુચિત આદીજાતિઓ,સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ,આર્થિક રીતે નબળા વર્ગો તેમજ ખોડ ખાપણ ધરાવતા વ્યક્તિઓ વિગેરેને સરકારશ્રીના ધારાધોરણો અનુસાર વય મર્યાદામાં છુટછાટ આપવાની રહેશે.

નિયમ ક્રમ :૧૦ જગ્યાઓ અનામત રાખવા બાબત :-

અનુસુચિત જાતિઓ,અનુસુચિત આદીજાતિઓ,સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ,આર્થિક રીતે નબળા વર્ગો તેમજ ખોડ ખાપણ ધરાવતા વ્યક્તિઓ વિગેરેને સરકારશ્રીના ધારાધોરણો અનુસાર તેમજ તેમાં થતાં વખતોવખતના સુધારા મુજબ અગ્નિશમન સેવાઓની જગ્યાઓમાં અનામતની ટકાવારી જાળવવાની રહેશે.

## નિયમ ક્રમ :૧૧ અજમાયશી નિમણુંક :-

(૧) સીધી ભરતીથી જગ્યા ભરવામાં આવે તેવા પ્રસંગે સરકારશ્રીની નીતિ અનુસાર વર્ગ-૨ સંવર્ગના અધિકારોઓની તેઓને મળવાપાત્ર કાયમી પગારધોરણમાં પ્રથમ ૨(બે) વર્ષ માટે અજમાયશી નિમણુંક આપવાની રહેશે.જ્યારે વર્ગ-૩ સંવર્ગના કર્મચારીઓની પ્રથમ નિમણુંક ૫ (પાંચ) વર્ષના ફિક્સ પગારથી કરવાની રહેશે.તથા આ અંગે સરકારશ્રી તરફથી જે જે સુધારા-વધારા થાય તે મુજબ અમલ કરવાનો રહેશે.

(૨) કોઈ જગ્યા ઉપર નિમાયેલ વ્યક્તિ સરકારશ્રીના નિયમોનુસારની મુદ્દત સુધી અજમાયશ ઉપર રહેશે અને તેને લેખિત કારણોની નોંધ કરીને મુદ્દત લંબાવી શકાશે.અજમાયશીની નિમણુંક જો તે સદરહુ જગ્યા ધરાવવા માટે લાયક અથવા યોગ્ય ન જણાય તો સમાપ્ત કરવામાં આવશે.

## નિયમ ક્રમ :૧૨ અગ્નિશમન સેવાની શરતો :-

અગ્નિશમન સેવામાં જોડાયેલ કર્મચારીઓને સરકારશ્રીની નીચે મુજબની સેવાકીય શરતો લાગુ પડશે.

(૧) ગુજરાત મુલ્કી સેવા નિયમો - ૨૦૦૨
(૨) ગુજરાત રાજ્ય સેવા (વર્તણુંક) નિયમો - ૧૯૭૧
(૩) ગુજરાત રાજ્ય (શિસ્ત અને અપીલ) નિયમો -૧૯૭૧
(૪) સી.સી.સી. પરીક્ષા નિયમો -૨૦૦૬
(૫) ધી ગુજરાત ફાયર પ્રિવેન્શન એન્ડ લાઈફ સેફ્ટી મેઝર્સ એક્ટ -૨૦૧૩
(૬) ગુજરાત નગરપાલિકા અધિનિયમ -૧૯૬૩ તથા તે તળે મંજુર થયેલ નિયમો

## નિયમ ક્રમ :૧૩ ખાનગી અહેવાલ :-

અગ્નિશમન સેવાના તમામ સંવર્ગના અધિકારીઓ/કર્મચારીઓના ખાનગી અહેવાલ નગરપાલિકા ચીફ ઓફીસર દ્વારા લખવાના રહેશે અને સંબંધિત પ્રાદેશિક અગ્નિશમન અધિકારી દ્વારા તેની સમિક્ષા કરવાની રહેશે.આવા ખાનગી અહેવાલની રેકર્ડ કાયમી ધોરણે જાળવવાનું રહેશે અને બઢતીથી નિમણુંક વખતે અને આવી અન્ય બાબતોમાં તે ધ્યાને લેવાનું રહેશે.

## નિયમ ક્રમ :૧૪

સીધી ભરતીથી કરાર આધારિત અજમાયશી ધોરણે નિમાયેલા અધિકારી/કર્મચારી માટે ગુજરાત સિવિલ સર્વિસ કોમ્પ્યુટર કોમ્પીટન્સી ટ્રેનીંગ એન્ડ એકઝામીનેશન રૂલ્સ-૨૦૦૬ ની જોગવાઈ મુજબ સી.સી.સી. પરીક્ષા પાસ કરવાનું ફરજીયાત રહેશે.

(૯)

નિયમ ક્રમ :૧૫

સીધી ભરતીથી કરાર આધારિત અજમાયશી ધોરણે નિમાયેલા અધિકારી/કર્મચારી માટે નિયમિત નિમણુંક બાદ હિન્દી અથવા ગુજરાતી અથવા બંનેની પરીક્ષાઓ સરકારશ્રીના નિયમો મુજબ પાસ કરવાનું ફરજીયાત રહેશે.

નિયમ ક્રમ :૧૬

સીધી ભરતીથી નિમાયેલા ઉમેદવારે સરકારશ્રી દ્વારા નિયત કરેલ સમય અને કિંમતના સિક્યુરીટી અને શ્યોરીટી બોન્ડ નિયત નમુનાના ફોર્મમાં રજુ કરવાના રહેશે.

નિયમ ક્રમ :૧૭

સીધી ભરતીથી નિમાયેલા ઉમેદવારે સરકારશ્રી દ્વારા નિયત કરેલ નમુનામાં સિવિલ સર્જનનું મેડિકલ સર્ટીફીકેટ રજુ કરવાનું રહેશે.

નિયમ ક્રમ :૧૮ સેવાને લગતી બાબતોના વિવાદ અંગે :-

અગ્નિશમન સેવાની કોઈ જગ્યા પર નિમાયેલ અધિકારી/કર્મચારી સેવાને લગતી બાબતો અંગે ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ ની જોગવાઈઓ અથવા તેને લાગુ પડતાં નિયમો હેઠળ થયેલ જોગવાઈઓનો પ્રથમ ઉપયોગ કર્યા સિવાય સીધેસીધો કોઈપણ અદાલતમાં કાર્યવાહી કરી શકશે નહીં.

નિયમ ક્રમ :૧૯ સમાવેશ :-

નગરપાલિકાના અગાઉ મંજુર થયેલ મહેકમ પ્રમાણે નિયમિત નિમણુંક પામેલ અધિકારી/કર્મચારીઓને નવા મંજુર થયેલ મહેકમમાં લાયકાત તથા યોગ્યતા મુજબ જે તે જગ્યા સામે સમાવેશ કરવામાં આવશે.

નિયમ ક્રમ :૨૦ અગાઉના નિયમો રદ કરવા બાબત :-

આ નિયમો અમલમાં આવ્યા બાદ અગ્નિશમન સેવા માટે આ અગાઉ નગરપાલિકાએ જે નિયમો મંજુર કરાવેલ હશે તે નિયમો આથી રદ થશે.

મુખ્ય અધિકારી
ભરૂચ નગરપાલિકા,
ભરૂચ

પ્રમુખ
ભરૂચ નગરપાલિકા,
ભરૂચ

# ભરૂચ નગરપાલિકા,ભરૂચ

| પરીશિષ્ટ-૧ | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| **સુધારા પત્રક** | | | | | | | | |
| જગ્યાનું નામ | વિભાગીય ફાયર અધિકારી | સ્ટેશન ફાયર ઓફીસર | ફાયર વાયરલેસ ઓફીસર | નાયબ હિસાબનીસ | ક્લાર્ક | લિડિંગ ફાયરમેન | ડ્રાઈવર કમ પંપ ઓપરેટર | ફાયરમેન કમ ડ્રાઈવર |
| વર્ગ | ૨ | ૩ | ૩ | ૩ | ૩ | ૩ | ૩ | ૩ |
| વય મર્યાદા | ૪૫ વર્ષથી વધુ નહીં (નગરપાલિકા ના કર્મચારીઓને ઉમરનો બાધ લાગુ પડશે નહીં) | ૩૫ વર્ષથી વધુ નહીં (નગરપાલિકાના કર્મચારીઓને ઉમરનો બાધ લાગુ પડશે નહીં) | ૩૫ વર્ષથી વધુ નહીં (નગરપાલિકાના કર્મચારીઓને ઉમરનો બાધ લાગુ પડશે નહીં) | ૨૮ વર્ષથી વધુ નહીં (નગરપાલિકાઓમાં ફરજ બજાવતા કર્મચારીને ઉમર નો બાધ લાગુ પડશે નહીં) | ૨૮ વર્ષથી વધુ નહીં (નગરપાલિકાઓ માં ફરજ બજાવતા કર્મચારીને ઉમર નો બાધ લાગુ પડશે નહીં) | ૩૫ વર્ષથી વધુ નહીં (નગરપાલિકાના કર્મચારીઓને ઉમરનો બાધ લાગુ પડશે નહીં) | ૩૫ વર્ષથી વધુ નહીં (નગરપાલિ કા ના કર્મચારીઓ ને ઉમરનો બાધ લાગુ પડશે નહીં) | ૩૫ વર્ષથી વધુ નહીં (નગરપાલિકા ના કર્મચારીઓને ઉમરનો બાધ લાગુ પડશે નહીં) |

| પરીશિષ્ટ-૧ | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| સુધારા પત્રક | | | | | | | | |
| જગ્યાનું નામ | વિભાગીય ફાયર અધિકારી | સ્ટેશન ફાયર ઓફીસર | ફાયર વાયરલેસ ઓફીસર | નાયબ હિસાબનીસ | ક્લાર્ક | લિડિંગ ફાયરમેન | ડ્રાઈવર કમ પંપ ઓપરેટર | ફાયરમેન કમ ડ્રાઈવર |
| વર્ગ | ૨ | ૩ | ૩ | ૩ | ૩ | ૩ | ૩ | ૩ |
| સીધી ભરતીથી શૈક્ષણિક લાયકાત | (૧) માન્ય યુનિવર્સિટીના સ્નાતક (૨) સી.સી.સી. પરીક્ષા પાસ અથવા સા.વ.વિ.ના ઠરાવ ક્રમાંક:પરચ-૧૦૨૦૦૫-૧૫૩૨-ક તા.૩૦.૦૯.૨૦૦૬ મુજબ નિમણૂંક પછી રજુ કરવાનું રહેશે. | (૧) માન્ય યુનિવર્સિટીના સ્નાતક (૨) સી.સી.સી. પરીક્ષા પાસ અથવા સા.વ.વિ.ના ઠરાવ ક્રમાંક:પરચ-૧૦૨૦૦૫-૧૫૩૨-ક તા.૩૦.૦૯.૨૦૦૬ મુજબ નિમણૂંક પછી રજુ કરવાનું રહેશે. | (૧) ઈલેક્ટ્રોનિક એન્ડ કોમ્યુનિકેશન એન્જીનિયરીંગ/ ટેલીકોમ્યુનીકેશન એન્જીનિયરીંગ/ ઈલેક્ટ્રોનિક એન્જીનિયરીંગ વીથ રેડિયો કોમ્યુનીકેશનમાં ડિપ્લોમા અથવા ડિગ્રી એન્જીનિયરીંગ (૨) સી.સી.સી. પરીક્ષા પાસ | (૧) સીધી ભરતી થી પસંદગીમાં નિમણૂંક થવા માટે માન્ય યુનિવર્સિટી/ સંસ્થામાંથી બેચલર ઓફ બિઝનેશ એડમીનીસ્ટ્રેશન અથવા બેચલર ઓફ કોમર્સ અથવા બેચલર ઓફ સાયન્સ (મેથેમેટીક્સ/સ્ટેટેટીક્સ) અથવા બેચલર ઓફ આર્ટ્સ (સ્ટેટેટીક્સ/ ઈકોનોમીક્સ/મેથેમેટીક્સ)ના સ્નાતક અથવા તેની સમકક્ષ સરકારે માન્ય કરેલ શૈક્ષણિક લાયકાત ધરાવતા હોવા જોઈએ. (૨) કોમ્પ્યુટરના બેઝિક નોલેજ તથા સી.સી.સી. પરીક્ષા પાસનું કોઈપણ તાલીમી સંસ્થાનું પ્રમાણપત્ર / માર્કશીટ ધરાવતા હોવા જોઈએ. (૩) કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેવી લાયકાત સરકાર માન્ય યુનિવર્સિટી અથવા સંસ્થામાંથી મેળવેલ હોવાના પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઈએ. અથવા (૪) ધો.-૧૦ અને ધો.-૧૨ ની પરીક્ષા કોમ્પ્યુટર વિષય સાથે પાસ કરેલ | (૧) સીધી ભરતીથી પસંદગીમાં નિમણૂંક થવા માટે માન્ય યુનિવર્સિટીમાંથી સ્નાતક અથવા તેની સમકક્ષ સરકારે માન્ય કરેલ શૈક્ષણિક લાયકાત ધરાવતા હોવા જોઈએ (૨) કોમ્પ્યુટરના બેઝિક નોલેજ તથા સી.સી.સી. પરીક્ષા પાસનું કોઈપણ તાલીમી સંસ્થાનું પ્રમાણપત્ર/માર્કશીટ ધરાવતા હોવા જોઈએ. (૩) કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેવી લાયકાત સરકાર માન્ય યુનિવર્સિટી અથવા સંસ્થામાંથી મેળવેલ હોવાના પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઈએ.અથવા (૪) ધો.-૧૦ અને ધો.-૧૨ ની પરીક્ષા કોમ્પ્યુટર વિષય સાથે પાસ કરેલ હોવાના પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઈએ અરજી કરવાના તબક્કે ઉમેદવાર આવું પ્રમાણપત્ર ધરાવતા ના | (૧) સીધી ભરતીથી પસંદગીમાં નિમણૂંક થવા માટે ઉચ્ચતર માધ્યમિક શાળા પ્રમાણપત્ર પરીક્ષા એચ.એસ.સી.(ધો.-૧૨) અથવા તેની સમકક્ષ સરકારે માન્ય કરેલ શૈક્ષણિક લાયકાત ધરાવતા હોવા જોઈએ. (૨) નેશનલ ફાયર એકેડમી, (AIILSG), વડોદરા અથવા ગુજરાત સરકાર માન્ય આઇ. ટી.આઇ. માંથી ફાયરમેન/ફાયર ટેક્નોલોજી અને ઈન્ડસ્ટ્રીયલ મેનેજમેન્ટ અથવા સમકક્ષ કોર્ષ સરકાર માન્ય સંસ્થામાંથી GCVT / NCVT પાસ હોવા જોઈએ. (૩) લાઈટ (હળવા) મોટર વ્હીકલ લાયસન્સ ધરાવતા હોવા જોઈએ. (૪) સ્વીમિંગની જાણકારી જરૂરી છે. | (૧) સીધી ભરતીથી પસંદગીમાં નિમણૂંક થવા માટે ઉચ્ચતર માધ્યમિક શાળા પ્રમાણપત્ર પરીક્ષા એચ.એસ. સી.(ધો.-૧૨) અથવા તેની સમકક્ષ સરકારે માન્ય કરેલ શૈક્ષણિક લાયકાત ધરાવતા હોવા જોઈએ. (૨) નેશનલ ફાયર એકેડમી, (AIILSG), વડોદરા અથવા ગુજરાત સરકાર માન્ય આઇ.ટી.આઇ. માંથી ફાયરમેન/ ફાયર ટેક્નોલોજી અને ઈન્ડસ્ટ્રીયલ મેનેજમેન્ટ અથવા સમકક્ષ કોર્ષ સરકાર માન્ય | (૧) સીધી ભરતીથી પસંદગીમાં નિમણૂંક થવા માટે ઉચ્ચતર માધ્યમિક શાળા પ્રમાણપત્ર પરીક્ષા એચ.એસ.સી.(ધો.-૧૨) અથવા તેની સમકક્ષ સરકારે માન્ય કરેલ શૈક્ષણિક લાયકાત ધરાવતા હોવા જોઈએ. (૨) નેશનલ ફાયર એકેડમી, (AIILSG), વડોદરા અથવા ગુજરાત સરકાર માન્ય આઇ.ટી.આઇ. માંથી ફાયરમેન/ફાયર ટેક્નોલોજી અને ઈન્ડસ્ટ્રીયલ મેનેજમેન્ટ અથવા સમકક્ષ કોર્ષ સરકાર માન્ય સંસ્થામાંથી GCVT / NCVT પાસ હોવા જોઈએ. |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | હોવાના પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઈએ અરજી કરવાના તબક્કે ઉમેદવાર આવું પ્રમાણપત્ર ધરાવતા ના હોય તો પણ,અરજી કરી શકાશે પરંતુ નિમણુંક મેળવતા પહેલા ઉમેદવારે આવું પ્રમાણપત્ર અચુક રજુ કરવાનું રહેશે.,અન્યથા આવા ઉમેદવાર નિમણુંક મેળવ્યા બાદ અજમાયશી સમયગાળા દરમ્યાન પાસ કરવાનું રહેશે. | હોય તો પણ, અરજી કરી શકાશે પરંતુ નિમણુંક મેળવતા પહેલા ઉમેદવારે આવું પ્રમાણપત્ર અચુક રજુ કરવાનું રહેશે., અન્યથા આવા ઉમેદવાર નિમણુંક મેળવવાપાત્ર ઠરશે નહીં. | | સંસ્થામાંથી GCVT / NCVT પાસ હોવા જોઈએ. | |
| ટેકનિકલ લાયકાત | (૧) નેશનલ ફાયર સર્વિસ કોલેજ નાગપુરનો ડિવિઝનલ ફાયર ઓફીસરનો કોર્ષ પાસ (૨) હેવી મોટર વ્હીકલ ચલાવવાનું વેલીડ લાયસન્સ ધરાવતા હોવો જોઈએ. | (૧) નેશનલ ફાયર સર્વિસ કોલેજ નાગપુરનો સ્ટેશન ઓફીસર અને ઈન્સ્ટ્રક્ટરનો કોર્ષ પાસને પ્રથમ પસંદગી અથવા નેશનલ ફાયર એકેડમી, (AIILSG) વડોદરા અથવા નેશનલ ફાયર સર્વિસ કોલેજ નાગપુરથી સબ ફાયર ઓફીસરનો કોર્ષ પાસ (૨) હેવી મોટર વ્હીકલ ચલાવવાનું વેલીડ લાયસન્સ ધરાવતા હોવો જોઈએ. | (૧) લાઈટ મોટર વ્હીકલ ચલાવવાનું વેલીડ લાયસન્સ ધરાવતા હોવો જોઈએ. | | | (૧) નેશનલ ફાયર એકેડમી, (AIILSG), વડોદરા અથવા ગુજરાત સરકાર માન્ય આઇ.ટી.આઇ. માંથી ફાયરમેન/ ફાયર ટેક્નોલૉજી અને ઈન્ડસ્ટ્રીયલ મેનેજમેન્ટ અથવા સમકક્ષ કોર્ષ સરકાર માન્ય સંસ્થામાંથી પાસ હોવા જોઈએ. (૨) હેવી/લાઈટ મોટર વ્હીકલ ચલાવવાનું વેલીડ લાયસન્સ ધરાવતા હોવો જોઈએ. | (૧) હેવી મોટર વ્હીકલ લાયસન્સ હોવું ફરજીયાત હોવું જોઈએ. (૨) સ્વીમિંગની જાણકારી જરૂરી છે. | (૧) લાઈટ(હળવા) /હેવી મોટર વ્હીકલ લાયસન્સ ફરજીયાત હોવું જોઈએ. (૨) સ્વીમિંગની જાણકારી જરૂરી છે. |

| પરીશિષ્ટ-૧ | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| સુધારા પત્રક | | | | | | | | |
| જગ્યાનું નામ | વિભાગીય ફાયર અધિકારી | સ્ટેશન ફાયર ઓફીસર | ફાયર વાયરલેસ ઓફીસર | નાયબ હિસાબનીસ | ક્લાર્ક | લિડિંગ ફાયરમેન | ડ્રાઈવર કમ પંપ ઓપરેટર | ફાયરમેન કમ ડ્રાઈવર |
| વર્ગ | ૨ | ૩ | ૩ | ૩ | ૩ | ૩ | ૩ | ૩ |
| શારિરીક ક્ષમતા | (૧) શારિરીક રીતે તંદુરસ્ત હોવા જોઈએ. (૨) લાલ,લીલા કલરના તફાવત જાણી શકતા હોવા જોઈએ. (૩) ઊંચાઈ:- પુરૂષો માટે:- તમામ ઉમેદવાર ૧૬૫ સે.મી. અને અનુસુચિત જન જાતી ઉમેદવાર - ૧૬૨ સે.મી. મહિલા માટે :- તમામ ઉમેદવાર - ૧૫૮ સે.મી. અને અનુસુચિત જન જાતી ઉમેદવાર -૧૫૬ સે.મી. (૪) વજન:- પુરૂષો માટે ૫૦ કિ.ગ્રા. લઘુત્તમ મહિતા માટે ૪૦ કિ.ગ્રા. લઘુત્તમ (૫) છાતી :- સામાન્ય-૮૧ સે.મી. ફુલાયેલી -૮૬ સે.મી. (ફક્ત પુરૂષો માટે) | (૧) શારિરીક રીતે તંદુરસ્ત હોવા જોઈએ. (૨) લાલ.લીલા કલરના તફાવત જાણી શકતા હોવા જોઈએ. (૩) ઊંચાઈ:- પુરૂષો માટે:- તમામ ઉમેદવાર ૧૬૫ સે.મી. અને અનુસુચિત જન જાતી ઉમેદવાર -૧૬૨ સે.મી. મહિલા માટે :- તમામ ઉમેદવાર -૧૫૮ સે.મી. અને અનુસુચિત જન જાતી ઉમેદવાર -૧૫૬ સે.મી. (૪) વજન:- પુરૂષો માટે ૫૦ કિ.ગ્રા. લઘુત્તમ મહિતા માટે ૪૦ કિ.ગ્રા. લઘુત્તમ (૫) છાતી :- સામાન્ય-૮૧ સે.મી. ફુલાયેલી -૮૬ સે.મી. (ફક્ત પુરૂષો માટે) | (૧) શારિરીક રીતે તંદુરસ્ત હોવા જોઈએ. (૨) લાલ.લીલા કલરના તફાવત જાણી શકતા હોવા જોઈએ. (૩) ઊંચાઈ:- પુરૂષો માટે:- તમામ ઉમેદવાર ૧૬૫ સે.મી. અને અનુસુચિત જન જાતી ઉમેદવાર - ૧૬૨ સે.મી. મહિલા માટે :- તમામ ઉમેદવાર - ૧૫૮ સે.મી. અને નુસુચિત જન જાતી ઉમેદવાર -૧૫૬ સે.મી. (૪) વજન:- પુરૂષો માટે ૫૦ કિ.ગ્રા. લઘુત્તમ મહિતા માટે ૪૦ કિ.ગ્રા. લઘુત્તમ (૫) છાતી :- સામાન્ય-૮૧ સે.મી. ફુલાયેલી -૮૬ સે.મી.(ફક્ત પુરૂષો માટે) | | | (૧) શારિરીક રીતે તંદુરસ્ત હોવા જોઈએ. (૨) લાલ.લીલા કલરના તફાવત જાણી શકતા હોવા જોઈએ. (૩) ઊંચાઈ:- પુરૂષો માટે:- તમામ ઉમેદવાર ૧૬૫ સે.મી. અને અનુસુચિત જન જાતી ઉમેદવાર - ૧૬૨ સે.મી. મહિલા માટે :-તમામ ઉમેદવાર - ૧૫૮ સે.મી. અને અનુસુચિત જન જાતી ઉમેદવાર - ૧૫૬ સે.મી. (૪) વજન:- પુરૂષો માટે ૫૦ કિ.ગ્રા. લઘુત્તમ મહિતા માટે ૪૦ કિ.ગ્રા. લઘુત્તમ (૫) છાતી :- સામાન્ય-૮૧ સે.મી. ફુલાયેલી -૮૬ સે.મી. (ફક્ત પુરૂષો માટે) | (૧) શારિરીક રીતે તંદુરસ્ત હોવા જોઈએ. (૨) લાલ.લીલા કલરના તફાવત જાણી શકતા હોવા જોઈએ. (૩) ઊંચાઈ:- પુરૂષો માટે:- તમામ ઉમેદવાર ૧૬૫ સે.મી. અને અનુસુચિત જન જાતી ઉમેદવાર - ૧૬૨ સે.મી. મહિલા માટે :-તમામ ઉમેદવાર - ૧૫૮ સે.મી. અને અનુસુચિત જન જાતી ઉમેદવાર - ૧૫૬ સે.મી.(૪) વજન:- પુરૂષો માટે ૫૦ કિ.ગ્રા. લઘુત્તમ મહિતા માટે ૪૦ કિ.ગ્રા. લઘુત્તમ (૫) છાતી :- સામાન્ય-૮૧ સે.મી. ફુલાયેલી -૮૬ સે.મી. (ફક્ત પુરૂષો માટે) | (૧) શારિરીક રીતે તંદુરસ્ત હોવા જોઈએ. (૨) લાલ.લીલા કલરના તફાવત જાણી શકતા હોવા જોઈએ. (૩) ઊંચાઈ:- પુરૂષો માટે:- તમામ ઉમેદવાર ૧૬૫ સે.મી. અને અનુસુચિત જન જાતી ઉમેદવાર -૧૬૨ સે.મી. મહિલા માટે :- તમામ ઉમેદવાર -૧૫૮ સે.મી. અને અનુસુચિત જન જાતી ઉમેદવાર -૧૫૬ સે.મી. (૪) વજન:- પુરૂષો માટે ૫૦ કિ.ગ્રા. લઘુત્તમ મહિતા માટે ૪૦ કિ.ગ્રા. લઘુત્તમ |
| શારિરીક કસોટી | (૧) ૪૦૦ મીટરની સામાન્ય દોડ-૧૫૦ સેકન્ડમાં પૂર્ણ કરવાની રહેશે. (૨) તરણ ૧૦૦ | (૧) હોઝ પાઈપ સાથેની/વજન ઊંચકીને ૫૦ મીટરની દોડ-૧૫ સેકન્ડમાં | | | | (૧)હોઝ પાઈપ સાથેની/વજન ઊંચકીને ૫૦ મીટરની દોડ- | (૧) હોઝ પાઈપ સાથેની/વજન ઊંચકીને ૫૦ મીટરની દોડ- | (૧) હોઝ પાઈપ સાથેની/વજન ઊંચકીને ૫૦ મીટરની દોડ-૧૫ સેકન્ડમાં |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | મીટર ૩૦૦ સેકન્ડમાં પુર્ણ કરવાની રહેશે. | પુર્ણ કરવાની રહેશે. (૨) ૪૦૦ મીટરની સામાન્ય દોડ- ૧૫૦ સેકન્ડમાં પુર્ણ કરવાની રહેશે. (૩) રસ્સો પકડીને ઉપર ચઢવાનું-૦૫ મીટર (૪) લાંબી કુદ- ૩.૦૦ મીટર (૫) ઊંચી કુદ- ૧.૦૦ મીટર (૬) તરણ ૧૦૦ મીટર ૩૦૦ સેકન્ડમાં પુર્ણ કરવાની રહેશે. | | | | ૧૫ સેકન્ડમાં પુર્ણ કરવાની રહેશે. (૨) ૪૦૦ મીટરની સામાન્ય દોડ- ૧૫૦સેકન્ડમાં પુર્ણ કરવાની રહેશે. (૩) રસ્સો પકડીને ઉપર ચઢવાનું-૦૫ મીટર (૪) લાંબી કુદ- ૩.૦૦ મીટર (૫) ઊંચી કુદ-૧.૦૦ મીટર (૬) તરણ ૧૦૦ મીટર ૩૦૦ સેકન્ડમાં પુર્ણ કરવાની રહેશે. | ૧૫ સેકન્ડમાં પુર્ણ કરવાની રહેશે. (૨) ૪૦૦ મીટરની સામાન્ય દોડ- ૧૫૦ સેકન્ડમાં પુર્ણ કરવાની રહેશે. (૩) રસ્સો પકડીને ઉપર ચઢવાનું-૦૫ મીટર (૪) લાંબી કુદ- ૩.૦૦ મીટર (૫) ઊંચી કુદ-૧.૦૦ મીટર (૬) તરણ ૧૦૦ મીટર ૩૦૦ સેકન્ડમાં પુર્ણ કરવાની રહેશે. | પુર્ણ કરવાની રહેશે. (૨) ૪૦૦ મીટરની સામાન્ય દોડ- ૧૫૦ સેકન્ડમાં પુર્ણ કરવાની રહેશે. (૩) રસ્સો પકડીને ઉપર ચઢવાનું-૦૫ મીટર (૪) લાંબી કુદ- ૩.૦૦ મીટર (૫) ઊંચી કુદ- ૧.૦૦ મીટર (૬) તરણ ૧૦૦ મીટર ૩૦૦ સેકન્ડમાં પુર્ણ કરવાની રહેશે. |

પરીશિષ્ટ-૧

સુધારા પત્રક

| જગ્યાનું નામ | વિભાગીય ફાયર અધિકારી | સ્ટેશન ફાયર ઓફીસર | ફાયર વાયરલેસ ઓફીસર | નાયબ હિસાબનીસ | ક્લાર્ક | લિડિંગ ફાયરમેન | ડ્રાઈવર કમ પંપ ઓપરેટર | ફાયરમેન કમ ડ્રાઈવર |
|---|---|---|---|---|---|---|---|---|
| વર્ગ | ૨ | ૩ | ૩ | | | ૩ | ૩ | ૩ |
| અનુભવ | ફાયર સેવાઓમાં ફાયર ઓફીસર/ સ્ટેશન ઓફીસર/ સબ-ઓફીસર અથવા સમકક્ષ જગ્યા ઉપર કુલ નોકરીના ચાર વર્ષનો અનુભવ ધરાવતા હોવા જોઈએ. | ફાયર સેવાઓમાં સબ-ઓફીસર અથવા સમકક્ષ જગ્યા ઉપર કુલ નોકરીના ત્રણ વર્ષનો અનુભવ ધરાવતા હોવા જોઈએ. | સરકારી,અર્ધ સરકારી કે ખાનગી સંસ્થામાં વાયરલેસ ટેલીકોમ્યુનિકેશન ઇક્વીપમેન્ટ, મોબાઈલ ટાવરના લગતા કામનો ત્રણ વર્ષનો અનુભવ. | | | સરકારી,અર્ધ સરકારી અથવા ખાનગી ફાયર સેવાઓમા ફાયરમેન અથવા સમકક્ષ જગ્યા ઉપર કુલ નોકરીના પાંચ વર્ષનો અનુભવ ધરાવતા હોવો જોઈએ. | ફાયર સેવાઓમાં ફાયરમેન અથવા ડ્રાઈવર કમ પંપ ઓપરેટરની કામગીરીનો એક વર્ષનો અનુભવ અથવા અન્ય જગ્યાએ હેવી મોટર વાહન ચલાવવાનો બે વર્ષનો અનુભવ ધરાવતા હોવા જોઈએ. | ફાયર સેવાઓમાં ફાયરમેન અથવા સમકક્ષ જગ્યા ઉપર કુલ નોકરીના એક વર્ષનો અનુભવ ધરાવતા હોવો જોઈએ. |
| બઢતીથી લાયકાત | નગરપાલિકા ખાતે ફાયર શાખામાં નોકરીના કુલ ચાર વર્ષથી ઓછી ન હોય તેવો અનુભવ ધરાવતા અને ડિવિઝનલ | નગરપાલિકા ખાતે ફાયર શાખામાં નોકરીના કુલ ચાર વર્ષથી ઓછી ન હોય તેવો અનુભવ | | નગરપાલિકામાં વર્ગ-૩,૪ ની જગ્યા ઉપર કાયમી કર્મચારી તરીકે નગરપાલિકા | નગરપાલિકામાં ફરજ બજાવતા સ્નાતક/એચ.એસ.સી. પરીક્ષા પાસ કરેલ અને | નગરપાલિકા ખાતે ફાયરશાખામાં ફાયરમેન અથવા તેની સમકક્ષ જગ્યા ઉપર | | |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ઓફીસર કોર્ષ, NFSC નાગપુરથી પાસ કરેલ હોય તેવા કર્મચારીને બઢતીથી ૧૦૦% જગ્યા ભરવામાં આવશે. (બઢતી માટે નગરપાલિકામાં યોગ્ય ઉમેદવાર ન હોય તો સીધી ભરતી થી જગ્યા ભરવામાં આવશે.) | ધરાવતા અને નેશનલ ફાયર એકેડમી, (AIILSG),વડોદરા અથવા નેશનલ ફાયર સર્વિસ કોલેજ નાગપુરથી સબ ફાયર ઓફીસરનો કોર્ષ પાસ કરેલ હોય તેવા કર્મચારીને બઢતીથી ૧૦૦% જગ્યા ભરવામાં આવશે. (બઢતી માટે નગરપાલિકામાં યોગ્ય ઉમેદવાર ન હોય તો સીધી ભરતી થી જગ્યા ભરવામાં આવશે.) | | માં ફરજ બજાવતા બેચલર ઓફ કોમર્સ પરીક્ષા પાસ કરેલ અને ૧૦ વર્ષનો અનુભવ ધરાવતા કર્મચારીઓ માંથી બઢતીથી ભરવામાં આવશે.જુદી જુદી ભરતીની પધ્ધતિઓ માટેનું પ્રમાણ: (૧) સીધી ભરતી : ૫૦ ટકા (૨) બઢતી : ૫૦ ટકા | ૧૦ વર્ષનો અનુભવ ધરાવતા કર્મચારીઓમાં થી બઢતીથી ભરવામાં આવશે.જુદીજુદી ભરતીની પધ્ધતિઓ માટેનું પ્રમાણ: (૧) સીધી ભરતી : ૫૦ ટકા (૨) બઢતી : ૫૦ ટકા | નોકરીના કુલ પાંચ વર્ષથી ઓછો ન હોય તેવો અનુભવ ધરાવતા કર્મચારીને બઢતીથી ૧૦૦% જગ્યા ભરવામાં આવશે. (બઢતી માટે નગરપાલિકા માં યોગ્ય ઉમેદવાર ન હોય તો સીધી ભરતી થી જગ્યા ભરવામાં આવશે.) | | |

નિયમ ક્રમાંક-૪ થી મંજુર થયેલ પરિશિષ્ટ-૧ માં જણાવેલ ઉમેદવારોની વય મર્યાદા,શૈક્ષણિક લાયકાત,ટેકનિકલ લાયકાત,શારીરિક કસોટી,અનુભવ અને બઢતીની લાયકાતના ધોરણો અંગેનું અગાઉ મંજુર થયેલ પરિશિષ્ટ-૧ આથી રદ થશે.

મુખ્ય અધિકારી
ભરૂચ નગરપાલિકા,
ભરૂચ.

પ્રમુખ
ભરૂચ નગરપાલિકા,
ભરૂચ.